RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 144, Dt.02-09-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બળાત્કારના દોષિતોને ૧૦ દિવસમાં મૃત્યુદંડ

## મમતા સરકાર બંગાળ વિધાનસભામાં રજુ કરશે બિલ : ભાજપ આપશે સમર્થન : આજથી વિધાનસભાનું બે દિવસનું સત્ર : બિલ કાલે રજુ થશે અને તે દિવસે પાસ કરાશેઃ કોલકત્તાની હોસ્પિટલમાં મહિલા ડોકટર પર થયેલાં બળાત્કાર અને હત્યાના કેસના સમગ્ર દેશમાં ઘેરા પડઘા પડયા

**મુખ્ય સમાચાર, કોલકાત્તા**

કોલકાતાની આરજી કાર હોસ્પિટલના ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના કિસ્સાથી આખો દેશ ચોંકી ગયો છે. આવી જઘન્ય ઘટનાઓને રોકવા માટે કડક કાયદો બનાવવાની માંગ ઉઠી છે. દરમિયાનબંગાળ સરકારે આજથી વિધાનસભાનું બે દિવસનું વિશેષ સત્ર બોલાવ્યું છે, જેમાં બળાત્કારના દોષિતોને ફાંસીની સજા આપવાનું બિલ રજૂ કરવામાં આવશે અને તેને પસાર પણ કરવામાં આવશે.આ વિશેષ સત્ર દરમિયાન, એક બિલ રજૂ કરવામાં આવશે જેમાં બળાત્કારના દોષિતોને ૧૦ દિવસની અંદર મળત્યુદંડની સજા સુનિશ્ચિત કરવાનો પ્રસ્તાવ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આજથી વિશેષ સત્ર શરૂ થશે અને મંગળવારે પ્રસ્તાવિત બિલ રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. મુખ્ય વિરોધ પક્ષ ભાજપ વિધાનસભામાં મમતાના આ પગલાનું સમર્થન કરશે.


ભારતીય જનતા પાર્ટીએ કહ્યું કે ભાજપના ધારાસભ્યો બળાત્કાર વિરુદ્ધ મમતા સરકાર દ્વારા લાવવામાં આવેલા બિલનું સમર્થન કરશે. બીજેપીના પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજુમદારે રવિવારે કહ્યું હતું કે રાજ્ય વિધાનસભામાં મમતા બેનર્જી દ્વારા લાવવામાં આવેલા બિલને બીજેપીના બિલ સમર્થન આપશે. એટલું જ નહીં, તેમણે એમ પણ કહ્યું કે તેઓ મમતા બેનર્જીના રાજીનામાની માંગ સાથે વિધાનસભાની અંદર વિરોધ પ્રદર્શન કરશે.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તેમની પાર્ટીની વિદ્યાર્થી પાંખ (ઝખઈઙ)ના સ્થાપના દિવસ પર કહ્યું હતું કે અમે ૧૦ દિવસની અંદર બળાત્કાર અને હત્યાના કેસમાં દોષિતોને ફાંસીની સજા આપવાનું બિલ રજૂ કરીશું. અમે તેને રાજ્યપાલને મોકલીશું અને જો તેઓ બિલ પાસ નહીં કરે તો અમે રાજભવનની બહાર અચોક્કસ મુદ્દતના વિરોધ પર બેસીશું. આ બિલ પાસ થવું જોઈએ. રાજ્યપાલ આ વખતે જવાબદારીમાંથી છટકી શકે તેમ નથી. શા માટે બળાત્કારીઓને ફાંસી ન આપવી જોઈએ.હવે જો સીબીઆઈની તપાસની વાત કરીએ તો સીબીઆઈ ફરી એકવાર આરજી કરીને મેડિકલ કોલેજ પહોંચી. ક્રાઇમ સીનની મુલાકાત લેવાની સાથે હોસ્પિટલમાં ભ્રષ્ટાચારના કેસોની પણ તપાસ કરવામાં આવી હતી. એટલું જ નહીં, એજન્સીએ ઘણા લોકોની પૂછપરછ કરી છે. સીબીઆઈ લેડી ડોક્ટર કેસમાં હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષની પણ સતત પૂછપરછ કરી રહી છે. જોકે સીબીઆઈ હજુ સુધી કોઈ પરિણામ પર પહોંચી શકી નથી. ભારતીય જનતા પાર્ટી અને તળણમૂલ કોંગ્રેસ વચ્ચે શબ્દ યુદ્ધ ચાલી રહ્યું છે.



# ભારે વરસાદ બાદની સ્થિતિની સમીક્ષા કરવા કેન્દ્રની ટીમ પૂર પ્રભાવિત જિલ્લાઓની મુલાકાત લેશે

## કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ગુજરાતમાં વરસાદ અને પૂરના કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે આંતર-મંત્રાલય ટીમની રચના કરી



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં પડેલા ભારે વરસાદને કારણે રાજ્યમાં ચારેબાજુ પાણી જ પાણી છે. આ વરસાદ અને પછી આવેલા પૂરના પ્રકોપે હવામાન શાસ્ત્રીઓની ચિંતા વધારી દીધી છે. સમગ્ર રાજ્યમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પૂરના કારણે અનેક લોકોના મોત પણ થયા છે. રાજ્યમાં પડેલા ધોધમાર વરસાદના પગલે ખેડૂતો ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે હવે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ગુજરાતમાં વરસાદ અને પૂરના કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે આંતર-મંત્રાલય ટીમની રચના કરી છે.

આ અંગે સત્તાવાર નિવેદન પણ બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ ટૂંક સમયમાં જ ટીમ ગુજરાતના પૂર પ્રભાવિત જિલ્લાઓની મુલાકાત લેશે. ગૃહ મંત્રાલય દ્વારા રચાયેલી આ આંતર-મંત્રાલય સેન્ટ્રલ ટીમ (IMCT)નું નેતૃત્વ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (NIDM)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કરશે.

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદને કારણે અનેક શહેરોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદના પગલે રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૮ લોકોના મોત થયા છે. એટલું જ નહીં, રાજ્યમાં ૭ રાષ્ટ્રીય ધોરીમાર્ગો, ૬૬ રાજ્ય ધોરીમાર્ગો, ૯૨ અન્ય રસ્તાઓ અને ૭૭૪ પંચાયતી માર્ગો સહિત ૯૩૯થી વધુ રસ્તાઓ બંધ છે. આટલું જ નહીં તૂટેલા વીજ જોડાણના કારણે લોકો અંધારામાં જીવવા મજબૂર બન્યા છે.

ભારે વરસાદથી કોબી, ફ્લાવર, મરચી સહિતના પાકોને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચતા શાકભાજીના પાક નષ્ટ પામ્યો છે. આ ઉપરાંત કપાસ, મગફળી, સોયાબીન, એરંડા, તુવેરના પાકોને નષ્ટ પામ્યો છે. ખેડૂતોને સતત ૩ વાર વાવેતર કર્યા બાદ પણ પાક નિષ્ફળ જતા ભારે નુકસાની વેરવાનો વારો આવ્યો છે.

# ઓગસ્ટમાં જીએસટી કલેક્શન ૧૦ ટકા વધીને રૂ. ૧.૭૫ લાખ કરોડને પાર




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓગસ્ટમાં ઘરેલુ વપરાશ વધારે રહેતા કુલ જીએસટી કલેક્શન ૧૦ ટકા વધીને ૧.૭૫ લાખ કરોડ રૂપિયા રહ્યું છે તેમ આજે જારી કરવામાં આવેલા સરકારી આંકડામાં જણાવવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ઓગસ્ટમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ની આવક ૧.૫૯ લાખ કરોડ રૂપિયા હતી. ચાલુ વર્ષે જુલાઇમાં જીએસટીની આવક ૧.૮૨ લાખ કરોડ રૂપિયા હતી.

ઓગસ્ટ, ૨૦૨૪માં જીએસટીની ડોમેસ્ટિક આવક ૯.૨ ટકા વધીને ૧.૨૫ લાખ કરોડ રૂપિયા રહી હતી. વસ્તુઓની આયાતથી જીએસટીની આવક ૧૨.૧ ટકા વધીને ૪૯,૯૭૬ કરોડ રૂપિયા રહી હતી.


ઓગસ્ટ, ૨૦૨૪માં ૨૪,૪૬૦ કરોડ રૂપિયાનું રિફંડ ચૂકવવામાં આવ્યું હતું. જે ગયા વર્ષે સમાન ગાળામાં ચૂકવવીમાં આવેલા રિફન્ડ કરતા ૩૮ ટકા વધારે છે. રિફન્ડની રકમ એડજસ્ટ કર્યા પછી જીએસટીની ચોખ્ખી આવક ૬.૫ ટકા વધીને ૧.૫ લાખ કરોડ રૂપિયા રહી છે.

ઓગસ્ટ, ૨૦૨૪માં કુલ જીએસટી કલેક્શન ૧,૭૪,૯૬૨ કરોડ રૂપિયા રહ્યું છે. ઉલ્લેખનીય છે કે એપ્રિલ, ૨૦૨૪માં કુલ જીએસટી કલેક્શન ૨.૧૦ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. જે અત્યાર સુધીનું સૌથી વધુ જીએસટી કલેક્શન છે. ઉલ્લેખનીય છે કે ૯ સપ્ટેમ્બરના રોજ નાણા પ્રધાન નિર્મલા સિતારમનના નેતૃત્ત્વમાં જીએસટી કાઉન્સિલની બેઠક મળવાની છે. આ બેઠકમાં કેટલીક વસ્તુઓ પરના જીએસટીના દરમાં ઘટાડા અંગે ચર્ચા થવાની સંભાવના છે.

સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર ઓગસ્ટ, ૨૦૨૪ના કુલ જીએસટી કલેક્શન ૧,૭૪,૯૬૨ કરોડ રૂપિયામાં સીજીએસટી ૩૯,૫૮૬ કરોડ રૂપિયા અને એસજીએસટી ૩૩,૫૪૮ કરોડ રૂપિયા રહ્યું છે.

# શેરબજારની બુલ રન યથાવત, સેન્સેક્સ-નિફ્ટી ઓલટાઈમ હાઈ, ૩૦૦થી વધુ શેરમાં અપર સર્કિટ

**મુખ્ય સમાચાર, મુંબઈ**



ભારતીય શેરબજારમાં તેજી સાથે સપ્તાહની શરૂઆત થઈ હતી. સેન્સેક્સ અને નિફ્ટી ફરી નવી રેકોર્ડ ટોચે ખૂલ્યા બાદ ઉછાળા તરફી ટ્રેડ થઈ રહ્યા છે. સેન્સેક્સ આજે ૩૫૯.૫૧ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧૭૨૫.૨૮ની ઓલટાઈમ હાઈ સપાટીએ ખૂલ્યા બાદ ૧૧.૧૫ વાગ્યે ૩૦૪.૮૫ પોઈન્ટના ઉછાળે ટ્રેડ થઈ રહ્યો હતો. બીજી તરફ નિફ્ટી પણ ૨૫૩૩૩.૬૫ની ઐતિહાસિક ટોચે ખૂલ્યા બાદ ૨૫૩૧૪.૭૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો.

બીએસઈ ખાતે આજે સ્ટોક સ્પેસિફિક તેજીના પગલે સમાચાર લખાયા ત્યાં સુધીમાં ૩૧૭ શેર્સમાં અપર સર્કિટ વાગી હતી. જ્યારે ૨૫૩ શેર્સમાં લોઅર સર્કિટ નોંધાઈ હતી. ૨૯૬ શેર્સ વર્ષની ટોચે અને ૨૧ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા હતા. જો કે, પોઝિટિવ-નેગેટિવ ટ્રેન્ડ ૫૦-૫૦ જોવા મળ્યો હતો. કુલ ટ્રેડેડ ૪૦૩૨ શેર્સ પૈકી ૧૯૨૫માં સુધારો અને ૧૯૩૪ શેર્સ ઘટાડે કારોબાર થઈ રહ્યા હતા.

આજે તેજીના માહોલ વચ્ચે સ્મોલકેપ અને ટેલિકોમ શેર્સમાં પ્રોફિટ બુકિંગનું જોર વધ્યું હતું. ટેલિકોમ ઈન્ડેક્સ ૧૧.૧૯ વાગ્યે ૧.૬૩ ટકા ઘટાડે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૨૧ ટકા ઘટ્યો હતો. આ સિવાય પીએસયુ, ઓટો, કેપિટલ ગુડ્સ, મેટલ, પાવર, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેર્સ રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા.

# મણિપુરમાં ફરી ભળકેલી હિંસામાં મહિલા સહિત ૨નાં મોત અને ૯ લોકો ઘાયલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**





મણિપુરના ઇમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં રવિવારે આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં એક મહિલા સહિત બે લોકોનાં મોત થયા હતા. મહિલાની ૮ વર્ષની પુત્રી અને એક પોલીસ અધિકારી સહિત નવ લોકો ઘાયલ થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓએ પહાડીના ઉપરના વિસ્તારોમાંથી કોટરુક અને કડાંગબંદ ઘાટીના નીચલા વિસ્તારો તરફ ગોળીબાર કર્યો અને ડ્રોનથી પણ હુમલો કર્યો. આ અચાનક થયેલા હુમલાને કારણે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિત અનેક લોકો સલામત સ્થળે ભાગી જવાની ફરજ પડી હતી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઘાયલ થયેલા ૯ લોકોમાંથી ૫ને ગોળી વાગી હતી, જ્યારે બાકીના લોકોને બોમ્બ ઝીંકવામાં આવ્યા હતા. સ્થાનિક લોકોએ દાવો કર્યો છે કે હુમલામાં ડ્રોન બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

બીજેપીના પ્રવક્તા ટી માઈકલ એલ હોકીપના ઘરને પેનિયલમાં આગ લગાડવામાં આવી હતી. એક્સ પર વિડિયો શેર કરતી વખતે હાઓકિપે આરોપ લગાવ્યો છે કે આ કુકી લોકોનું કામ છે. હાઓકિપે કહ્યું કે એક વર્ષમાં ત્રીજી વખત તેમના ઘર પર હુમલો કરવામાં આવ્યો. ગયા અઠવાડિયે પણ ૩૦થી વધુ સશસ્ત્ર લોકોએ અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

કુકી-જો સમુદાયના લોકોએ ૩૧ ઓગસ્ટના રોજ મણિપુરના ચુરાચંદપુર, કાંગપોકપી અને તેંગનોપલમાં રેલીઓ કાઢી હતી. આ સંગઠનોની માગ છે કે મણિપુરમાં એક અલગ કુકિલેન્ડ બનાવવામાં આવે, જે એક કેન્દ્રશાસિત પ્રદેશ હોવો જોઈએ.

મણિપુરમાં નીકળેલી રેલીઓમાં સીએમ બિરેન સિંહે ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુનો વિરોધ કરવામાં આવ્યો હતો. પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં, મુખ્યમંત્રીએ અલગ વહીવટ (કુકીલેન્ડ) માટે કુકી જૂથોની માંગને નકારી કાઢી હતી.

સીએમ બિરેને કહ્યું કે તેઓ રાજ્યની ઓળખને નબળી નહીં થવા દે. બિરેન મૈતેઈ સમુદાયમાંથી આવે છે. કુકીઓ જ્યાં રહે છે તે વિસ્તાર માટે વિશેષ વિકાસ પેકેજ આપવાની ખાતરી આપી છે.

આ સિવાય સીએમ બિરેનના વધુ એક વાયરલ ઓડિયોને લઈને હોબાળો મચી ગયો છે. આ ઓડિયો સીએમ બિરેન સિંહને આભારી છે. ઓડિયોમાં મણિપુરમાં મે ૨૦૨૩થી ચાલી રહેલી હિંસા પર વાંધાજનક ટિપ્પણીઓ સંભળાય છે.

જોકે, મણિપુર સરકારનું કહેવું છે કે ઓડિયો ક્લિપમાં મુખ્યમંત્રીના અવાજ સાથે છેડછાડ કરવામાં આવી છે. હિંસાગ્રસ્ત રાજ્યમાં શાંતિની પહેલને પાટા પરથી ઉતારવા માટે આવું કરવામાં આવી રહ્યું છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે

# મુસ્લિમો પર સતત હુમલાઓ ચાલુ છે અને સરકારી તંત્ર મૂક પ્રેક્ષક : રાહુલ ગાંધી



## મોબ લિંચિંગની ઘટનાઓ મામલે ભાજપ સરકાર પર રાહુલનું નિશાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ હરિયાણા અને મહારાષ્ટ્રમાં મોબ લિંચિંગની ઘટનાઓને મામલે ભાજપ સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલે કહ્યું કે, બદમાશોને ભાજપ સરકાર તરફથી ખૂલી છૂટ મળી છે, તેથી જ તેમનામાં આટલી હિંમત છે. લઘુમતીઓ અને ખાસ કરીને મુસ્લિમો પર સતત હુમલાઓ ચાલુ છે અને સરકારી તંત્ર મૂક પ્રેક્ષક બનીને તમાસો જોઈ રહ્યું છે.

રાહુલનું કહેવું છે કે ભાજપ પાર્ટી નફરતનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરીને સત્તાની સીડી પર ચઢી રહી છે અને દેશમાં ભયનું વાતાવરણ ઊભું કરી રહી છે. ગુનેગારો ખુલ્લેઆમ ટોળાના રૂપમાં હિંસા ફેલાવી રહ્યા છે અને તેઓને ભાજપ સરકારથી ખૂલી છૂટ છે. આવા ગુનેગારો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

મહારાષ્ટ્રમાં ચાલુ ટ્રેનમાં એક વૃદ્ધ પર હુમલાની ઘટના સામે આવી છે. સાથી મુસાફરોએ વૃદ્ધને થપ્પડ મારી હતી અને દુર્વ્યવહાર કર્યો, તેના પર ગૌમાંસ લઈ જવાનો આરોપ લગાવ્યો હતો. આ દરમિયાન ટ્રેનમાં બેઠેલા બાકીના લોકો ચૂપચાપ આ તમાસો જોઈ રહ્યા હતા.

આ ઘટના થોડા દિવસો પહેલાં ઇગતપુરી પાસે ધુલે એક્સપ્રેસમાં બની હતી. તેનો વીડિયો સામે આવ્યા બાદ, થાણે જીઆરપીએ પાંચથી વધુ મુસાફરો વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. અઈખઈખ સાંસદ ઈમ્તિયાઝ જમીલે વીડિયો શેર કરતા સરકાર અને પોલીસની નિંદા કરી હતી.

હરિયાણાના ચરખી દાદરીમાં ગૌમાંસ ખાવાની શંકામાં એક યુવકને માર મારવામાં આવ્યો હતો. ઘટના ૨૭મી ઓગસ્ટની છે. તેનો વીડિયો શનિવારે (૩૧ ઓગસ્ટ) સામે આવ્યો હતો.વીડિયોમાં કેટલાક લોકો યુવકને લાકડીઓ વડે માર મારી રહ્યા છે. પોલીસે આ કેસમાં ૨૯ ઓગસ્ટે ૭ આરોપીઓની ધરપકડ કરી હતી, જેમાંથી બે સગીર છે. સગીરોને જુવેનાઈલ હોમમાં મોકલી દેવામાં આવ્યા છે.

# આજથી રાજ્યભરમાં વરસાદનો વધુ એક નવો રાઉન્ડ




**દ.ગુજરાતમાં ઓરેન્જ તો પૂર્વ, મધ્ય અને સૌરાષ્ટ્રમાં યલો એલર્ટ જાહેર**

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારો ઉપર એક ડિપ્રેશન સર્જાયું હતું જે પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફ ગતિ કરતા ગુજરાત નજીક પહોંચ્યું છે. જેને કારણે હવામાન વિભાગ દ્વારા ગુજરાત રાજ્યના કેટલાક વિસ્તારમાં ઓરેન્જ તો ક્યાંક યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેવામાં આજે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ઓરેન્જ તો પૂર્વ મધ્ય અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જો કે, વહેલી સવારની આગાહી અનુસાર રાજ્યના કેટલાક જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. જ્યારે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગ દ્વારા વહેલી સવારની આગાહી અનુસાર રાજ્યના કેટલાક ભાગમાં ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. ઉપરાંત ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાઇ શકે છે. જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં આજે મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. જ્યારે રાજ્યના અન્ય કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ સાથે જ અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, ખેડા, આણંદ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી અને ભાવનગરમાં વરસાદી માહોલ સાથે હળવો વરસાદ થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગ દ્વારા અમદાવાદ શહેરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના પગલે વહેલી સવારથી જ અમદાવાદ શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે વિવિધ વિસ્તારમાં ઝરમર વરસાદ વરસી રહ્યો છે. મહત્ત્વનું છે કે, ગતરોજ અમદાવાદ શહેરમાં ફરી એક વખત તાપમાનનો પારો ઊંચકાતા શહેરીજનો શેકાયા હતા. ગતરોજ અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે સામાન્ય કરતાં ૧.૯ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. જ્યારે આજે સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદની શરૂઆત થતાં શહેરના મહત્તમ તાપમાનમાં ઘટાડો થાય તેવી શક્યતા છે. પરંતુ બપોર બાદ જો વરસાદ બંધ થઈ જાય તો બફરાનો અનુભવ કરવા અમદાવાદીઓએ તૈયાર રહેવું પડશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા મુજબ, સામાન્ય રીતે સપ્ટેમ્બર મહિનામાં ૪.૯ ઈંચ વરસાદ પડતો હોય છે. પરંતુ, હાલમાં સક્રિય લો-પ્રેશરની સિસ્ટમની અસરથી અમદાવાદમાં સપ્ટેમ્બરના ૧૦ દિવસ દરમિયાન સરેરાશ કરતાં વધુ વરસાદ પડી શકે છે. તેમજ દર વર્ષે કરતાં આ વખતે ભાદરવાની ગરમી એકથી બે ડિગ્રી ઓછી રહે તેવી શક્યતા છે. સપ્ટેમ્બરમાં શહેરમાં છૂટાછવાયાં વરસાદી ઝાપટાંથી લઇને હળવોથી ભારે વરસાદ પડી શકે છે. જેમાં ખાસ કરીને ૩ થી ૯ તારીખ સુધી હળવાથી મધ્યમ તેમજ એકાદ દિવસ ભારે વરસાદ પડી શકે છે. તેમજ સપ્ટેમ્બર મહિના દરમિયાન અમદાવાદમાં ૧૦ દિવસથી વધુ વરસાદ પડવાની શક્યતા છે.

સપ્ટેમ્બરમાં અમદાવાદમાં ગરમીનો પારો શરૂના ૧૫ દિવસો દરમિયાન ૩૨ ડિગ્રીની આસપાસ તેમજ ૧૫ સપ્ટેમ્બરથી મહિનાના અંત સુધી ગરમીનો પારો વધીને ૩૪ ડિગ્રી સુધી પહોંચી જતો હોવાથી કાળઝાળ ગરમી પડે છે.

# જામનગરમાં પુર પીડિત લોકોની મુલાકાત લેતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર માં પૂરના કારણે અનેક લોકોને ભારે નુકશાની થઈ છે , ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ જામનગરની મુલાકાતે આવી પહોંચ્યા હતા , અને તેઓએ શહેરના અલગ અલગ પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી , અને લોકોની સમસ્યા સાંભળી હતી .તેઓની સાથે કોંગ્રેસ અગ્રણી અને પૂર્વ મંત્રી એમ . કે . બ્લોચ , જામનગર જિલ્લાના પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમ , ગુજરાત પ્રદેશના કોંગ્રેસ અગ્રણી ભીખુભાઈ વારોતરીયા , પ્રદેશ મહિલા અગ્રણી સહારા બેન મકવાણા , ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને કોંગ્રેસ અગ્રણી બીપેન્દ્રસિંહ જાડેજા , જામનગર મહાનગરપાલિકાના , કોંગી મહિલા પ્રમુખ રંજનબેન ગજેરા , એન.એસ.યુ.આઈ ના તોશિફ ખાન પઠાણ , શક્તિસિંહ જાડેજા , અલ્તાફભાઈ ખફી , કોર્પોરેટર જેનબબેન ખફી સહિતના સ્થાનિક અગ્રણીઓ જોડાયા હતા.ગુજરાત પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ તેમજ અન્ય અગ્રણીઓ દ્વારા જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧,૨,૪ , ૧૨ અને ૧૬ ના જુદા જુદા વિસ્તારો , કે જ્યાં પૂરના પાણી ભરાયા હતા , અને તે તમામ વિસ્તાર ની મુલાકાત લીધી હતી , અને પૂર પીડિત નાગરિકોની સમસ્યા પણ સાંભળી હતી , અને તેઓને યોગ્ય ન્યાય અને વળતર મળે તે માટે સરકારમાં ઉગ્ર રજૂઆત કરવાની પણ ખાતરી આપી હતી .

# મોરબી લીલાપર ગામ વચ્ચેનો વર્ષો જૂનો પુલ ધરાશાઈ

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

મોરબીથી લીલાપર ગામ તરફ જવાના રસ્તા પર વર્ષો જૂનો પુલ બપોરના સમયે ધરાશાઈ થઈ ગયો હતો. પુલ ધરાશાઈ થતાં કોઈ જાનહાનિ થઈ નથી પંરતુ પુલના બે કટકા થઈ જવા પામ્યા હતા. પુલ તૂટવાની ઘટના બનતા મોરબી કલેક્ટર, ચીફ ઓફિસર અને પ્રાંત અધિકારી સહિત નો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે લીલાપરથી મોરબી વચ્ચે વાહન વ્યવહાર બંધ કર્યો હતો.

જ્યારે સમગ્ર ગુજરાતમાં મેઘરાજાના આગમન બાદ હાલ મેઘરાજાએ વિરામ લીધો છે. ત્યારે મોરબીથી લીલાપર ગામ તરફ જવાના રસ્તા ઉપર પુલ બનાવવામાં આવ્યો હતો જે બપોરના સમયે તૂટી જવા પામ્યો હતો. જો કે આ પુલના તૂટી જવાને કારણે કોઈ જાનહાની થઈ નથી. પરંતુ વર્ષો જૂનો પુલ ધરાસાઈ થઈ બે કટકા થઈ ગયો હતો. જે પુલ



તૂટવાની ઘટના બનતા મોરબી જિલ્લા કલેકટર કે બી ઝવેરી, મોરબી નગરપાલિકાના ચીફ ઓફિસર, પ્રાંત અધિકારી સહિતનો કાફલો ઘટના સ્થળ ઉપર પહોંચી ગયો હતો. પોલીસે હાલ લીલાપરથી મોરબી વચ્ચે વાહન વ્યવહાર બંધ કરાવી વાહન વ્યવહારને ડાયવર્ટ કર્યો છે.

# જામનગર માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ-રસ્તા રિપેરિંગની યુદ્ધના ધોરણે કામગીરી







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં અતિભારે વરસાદના પરિણામે માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના ૪૬ અને સ્ટેટ હસ્તકના ૩ રસ્તાઓ સ્ટ્રકચર ડેમેજ અને ઓવર ટોપિંગના લીધે બંધ થયા હતા.લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વાહન વ્યવહાર પૂર્વવત કરવા માટે રોડ રસ્તા રિપેરિંગની યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી છે. પરિણામે સ્ટેટ હસ્તકના તમામ રોડ હાલ ચાલુ છે. અને પંચાયત હસ્તકના ૩૩ રસ્તાઓ શરૂ થઈ ચૂક્યા છે. જે ૧૩ રસ્તાઓ બંધ છે તેમાંથી મોટા ભાગના રસ્તાઓ ઓવર ટોપિંગના પરિણામે બંધ છે. જે પાણી ઓસર્યા બાદ શરૂ થઈ જશે.પણ માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા હરિપર પિપરટોડા કોઝવે ડેમેજ થતાં તાબડતોબ રિપેરીંગ કરી રસ્તો શરૂ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ધ્રાંગડા બ્રિજ એપ્રોચ, નાની નાગજર અને નાગના રોડ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે.

# મોરબીના ન્યુ હાઉસિંગ બોર્ડમાં અમાસે ૧૨ જ્યોતિર્લિંગ દર્શન



**મુખ્ય સમાચાર, મોરબી**

શ્રાવણ માસમાં સાક્ષાત મહાદેવની કૃપા સમાન ૧૨ જ્યોતિલિંગના દર્શનનો લાભ લેવો એ દરેક વ્યક્તિ માટે પોતાની જાતને ભાગ્યશાળી ગણવા યોગ્ય છે. ત્યારે મોરબીમાં ઘરેબેઠા શનાળા રોડ ઉપર આવેલ ન્યુ હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં શ્રાવણ માસના છેલ્લા દિવસે એટલે સોમવારને અમાસના પવિત્ર દિવસે પંચમુખ રોકડીયા હનુમાનજી અને સોમનાથ મહાદેવ મંદિર દ્વારા એકસાથે ૧૨ જ્યોતિલિંગના દર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આથી તમામ શિવભક્તો અને ધર્મપ્રેમી જનતાને ૧૨ જ્યોતિલિંગના દર્શનનો લાભ લેવા આયોજકોની યાદીમાં જણાવાયું છે.

# મોરબી જીલ્લામાં અપમૃત્યુના ચાર બનાવમાં પાંચ વ્યક્તિના મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસના અલગ અલગ પોલીસ મથકે અપમૃત્યુના જુદા જુદા ચાર બનાવ નોંધાયા છે જેમાં મોરબીમાં પ્રૌઢનું બીમારી સબબ સારવારમાં તથા યુવકે શરીરે આગ ચાંપી દેતા સારવાર દરમિયાન મોત જ્યારે ટંકારાના વિરપર ગામે તળાવની બાજુમાં પડેલ રીક્ષા કાઢવા ગયેલ બે કુટુંબી ભાઈઓના એકસાથે પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યા હતા તેમજ માળીયા(મી)ના વાધરવા ગામે ખેતરમાં અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

અપમૃત્યુના પ્રથમ બનાવની મળતી માહિતી અનુસાર મોરબીના લાતી પ્લોટમાં રહેતા વનીભાઈ વેલજીભાઈ ઉવ.૫૦ ગઈ તા.૧૫/૦૮ના રોજ કોઈ બીમારી સબબ મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં દાખલ થયા હતા. ત્યારે ગઈકાલ તા.૧/૦૯ના બપોરના સુમારે વનીભાઈનું મૃત્યુ નિપજતા સીટી એ ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી છે.

બીજા અપમૃત્યુના બનાવ અંગેની પ્રાપ્ત માહિતી પ્રમાણે ઘુટુ રોડ ઉપર આવેલ ઉમા રેસિડેન્સીમાં રહેતા મૂળ જામનગર જીલ્લાના ધ્રોલ ગામના રહેવાસી ધર્મેન્દ્રભાઈ કેશવજીભાઈ ઘેટીયા ઉવ.૩૦ વાળાને તેના પિતા કામ ધંધો કરવા બાબતે ઠપકો આપતા ધર્મેન્દ્રભાઈને મનોમન લાગી આવતા ગત તા.૨૫/૦૮ના રોજ પોતે પોતાની જાતે મોરબી-૨ મહેંન્દ્રનગર ચોકડી પાસે શિવાય પ્લાઝા કોમપલેક્ષમાં શરીરે આગ ચાંપી દેતા ધર્મેન્દ્રભાઈ શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા ત્યારે રાજકોટ સીવીલ હોસ્પીટલમાં ચાલુ સારવાર દરમિયાન તા.૩૧ ઓગસ્ટના રાત્રીના ૧૧.૪૦ વાગ્યે ધર્મેન્દ્રભાઈનું મૃત્યુ નીપજ્યું હતું.

જ્યારે ત્રીજા બનાવની મળતી માહિતી અનુસાર ટંકારા તાલુકાના વિરપર ગામે ગઈકાલ તા.૦૧/૦૯ના રોજ ગામમાં આવેલ તળાવ પાસે પોતાની રીક્ષા લેવા માટે ગયેલા પ્રવીણભાઇ નરશીભાઇ શનાળીયા ઉવ-૪૩ તથા પ્રેમજીભાઇ ભગવાનજીભાઇ શનાળીયા ઉવ-૩૫ બંને રહે.વિરપર તા-ટંકારાવાળા બંને કુટુંબી ભાઈના રીક્ષા લેતી વખતે તળાવમા પગ લપસી જતા બન્ને તળાવના પાણીમાં પડી જતા મરણ ગયેલ હોય ત્યારે બંને મૃતક ભાઈના મૃતદેહ મનોજભાઇ ભગવાનજીભાઇ સનાળીયા દ્વારા તળાવના પાણીમાંથી બહાર કાઢવામાં આવી ટંકારા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે સિવિલ હોસ્પિટલમાં ફરજ પર હાજર ડોક્ટરે પોલીસને ઇન્વેસ્ટ પંચનામાં સહિતની કામગીરી કરવા બોલાવતા હાલ પોલીસે બંને મૃતકના મોત અંગે અ.મોત રજીસ્ટર કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત ચોથા અપમૃત્યુના બનાવની પ્રાપ્ત વિગતો મુજબ માળીયા(મી)ના વાધરવા ગામે જયેન્દ્રસિંહ ભથુભા જાડેજાના ખેતરમાં ગત તા. ૩૧/૦૮ના રોજ સાંજના ૭ વાગ્યા પહેલા આશરે ૩૦ થી ૩૫ વર્ષ ઉમર ધરાવતા અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા જે બાબતે વધારવા ગામના વતની હાલ મોરબી રહેતા મહીપાલસિંહ જયેન્દ્રસિંહ જાડેજાએ પોલીસને જાણ કરતા પોલીસે સ્થળ ઉપર પહોંચી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. ત્યારે પીએમનો અહેવાલ મળ્યે અજાણ્યા યુવકના મૃત્યુ અંગેનું સાચું કરણ બહાર આવ્યાનું જાણવા મળ્યું છે. હાલ માળીયા(મી) પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે. વધુમાં માળીયા(મી) પોલીસે બિન ઓળખાયેલ આશરે ૩૦ થી ૩૫ વર્ષ વયના અજાણ્યા યુવકના વાલી વારસની શોધખોળ શરૂ કરી છે.

# કાલાવડના શિશાંગ નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માત વેપારીનું મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કાલાવડના શિશાંગ નજીક કાર અને બાઈક વચ્ચે ટક્કર, ગંભીરઈજા પહોંચતા રાજકોટના વેપારીનું મોત.જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના શિશાંગ નજીક રાજકોટના એક વેપારી કાળનો કોળિયો બની ગયાની ઘટના સામે આવી છે. વેપારી બાઈક પર સવાર હતા, તે દરમિયાન રોંગસાઈડમાં આવી રહેલી મોટરકારે ટક્કર મારી અકસ્માત સર્જનાર કારનો ચાલક ફરાર થઇ ગયો છે. કારના ગ્લાસ પર આર્મી લખેલુ હોવાથી કાર ચાલક આર્મીમેન હોવાની પણ ચર્ચા છે. અકસ્માત એટલો ઘાતક હતો કે, કારની ટક્કરથી વેપારીનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું.આ ગમખ્વાર અકસ્માતની કાલાવડ ગ્રામ્ય પોલીસમાં જાહેર થયેલી વિગતો અનુસાર, આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે, રાજકોટમાં ડ્રીમસીટી- રૈયાધાર વિસ્તારમાં રહેતા અને અનાજ કરિયાણાની દુકાન ચલાવતા વિજયકુમાર બચુભાઈ ભીંડે ઉ.૫૪ કે જેઓ રાજકોટમાં અનાજ કરીયાણાની હોલસેલની દુકાન ચલાવે છે. જેઓ ગઈકાલે પોતાના અનાજ



કરિયાણાના વેપારના કામ માટે પોતાનું બાઈક લઈને રાજકોટથી કાલાવડ તાલુકાના શીસાંગ ગામે આવ્યા હતા.શિશાંગ ગામની ગોળાઈ પાસે અચાનક સામેથી પુરપાટ ઝડપે રોંગસાઈડમાં ધસી આવેલી જી.જે ૧૦ ડી.ઇ.૮૯૯૫નંબરની કારના ચાલકે બાઈકને ટક્કર મારી હતી. જેથી બાઈકમાં સવાર વેપારીને વિજયભાઈ ભીંડેને ગંભીર ઇજાઓ થઈ હતી, જેને પગલે તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે કાલાવડ ની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા, પરંતુ ત્યાં તેઓનો મૃતદેહ જ પહોંચ્યો હતો અને ફરજ પરના તબીબે વિજયભાઈનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ અકસ્માતના બનાવ અંગે મૃતકના પુત્ર વંદિત વિજયભાઈ ભીંડેએ કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં જી.જે.૧૮ ડી.ઇ. ૮૯૯૮ નંબરની કારના ચાલક સામે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. કાલાવડ ગ્રામ્ય પોલીસે વિજયભાઈના મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.આ ઘટના બાદ એકત્ર થયેલાં ગ્રામજનોએ કારના અને અકસ્માતના ફોટા વાયરલ કર્યા હોવાની માહિતી જાણવા મળી છે. કારની ડ્રાઇવિંગ સીટની બાજુમાં દારૂની એક બોટલ સહિતનો સામાન આ તસ્વીરમાં દેખાઈ રહ્યો છે. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે આ અકસ્માતની તપાસ શરૂ કરી છે. આર્મી લખેલી કારના નંબર પરથી કારચાલકને શોધી કાઢવા તથા ફરિયાદ દાખલ કરવા તજવીજ હાથ ધરી છે.

# જામનગરમાં મેઘરાજાએ વિરામ લેતાં શ્રાવણી મેળા પુનઃ શરૂ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં મેઘરાજાએ વિરામ લીધા પછી જામનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત શ્રાવણી મેળો કે જે આજથી પુનઃ શરૂ થઈ ગયો છે, અને મશીન મનોરંજન ની રાઈડ ચાલુ કરવા માટેની જામનગર મહાનગરપાલિકા દ્વારા મંજૂરી આપવામાં આવી છે. જેથી લોકોને મેળા નું મનોરંજન મળતું થયું છે. જોકે ખાણી પીણી ના સ્ટોલ, આઈસ્ક્રીમ બુથ અને રમકડા સ્ટોલ વગેરેના સંચાલકોએ મેળા રદ કરીને પોતાની ડિપોઝિટ પરત માગી છે. જામનગરના પ્રદર્શન મેદાનમાં ૨૦ ઓગસ્ટ થી શ્રાવણી મેળાનો જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રારંભ કરાયો હતો, પરંતુ સાતમના દિવસથી જ વરસાદ શરૂ થઈ જતાં મેળો બંધ કરાવી દેવાયો હતો. પરંતુ ગઈકાલથી મેઘરાજાએ સંપૂર્ણપણે વિરામ રાખી લેતાં આજથી મેળા નો પુનઃ



પ્રારંભ કરાયો છે, અને મશીન મનોરંજન ની રાઈડ ચાલુ થઈ ગઈ છે, અને લોકો પણ મેળાનો આનંદ માણવા માટે પહોંચી ગયા છે.એક તબક્કે મેળાનું આયોજન મુલતવી રાખવાનું નક્કી થયું હતું, અને આઇસ્ક્રીમના સ્ટોલ, રમકડાના સ્ટોલ અને ખાણીપીણીના સ્ટોલ વગેરેના ધંધાર્થીઓએ પોતાનું આયોજન રદ કરીને ડિપોઝિટ ની રકમ પરત માગી હતી. જેઓ સાથે આજે ફરીથી વાટાઘાટો કરવામાં આવી હતી, અને તેઓ ફરીથી પોતાના સ્ટોલ ચાલુ કરવા માટે સહમત ન હોવાથી તેઓનું આયોજન રદ કરીને મહાનગરપાલિકા દ્વારા રકમ પરત અપાશે. જ્યારે મશીન મનોરંજનની રાઈડ પૂરતો મેળો ચાલુ રાખવામાં આવ્યો છે. જે ની મદદ ત્રણ સપ્ટેમ્બર સુધીની હતી, પરંતુ મુખ્ય તહેવારના દિવસોમાં મેળો બંધ રહ્યો હોવાથી તેઓની મુદ્દતમાં વધારો કરી દેવાયો છે, અને ૧૧ સપ્ટેમ્બર અથવા ૧૫ સપ્ટેમ્બર સુધી મેળાની મુદ્દત લંબાવી દેવામાં આવે તેવી પ્રક્રિયાઓ ચાલી રહી છે. ત્યારે રંગમતી નદીના મેળા નું આયોજન સંપૂર્ણ પણે રદ કરી નાખવામાં આવ્યું છે.

# જામનગર આરોગ્ય વિભાગે અતિવૃષ્ટિ વચ્ચે ૮૨ સગર્ભાઓની સફળ રીતે પ્રસૂતિ કરાવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં ચાલુ સપ્તાહે અતિભારે વરસાદના પરિણામે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ.એચ.ભાયાના માર્ગદર્શન હેઠળ જેની ડીલીવરી તારીખ નજીક છે તેવી સગર્ભાઓને નજીકનાં આરોગ્યકેન્દ્ર, હોસ્પિટલ અને સલામત આશ્રયસ્થાને ખસેડવામાં આવ્યા હતા. સમયસૂચકતા વાપરી તંત્રના સહયોગથી જામનગર જિલ્લાની ૨૨૫ સગર્ભાઓનું નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે સુરક્ષિત રીતે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. જે પૈકી ૮૨ સગર્ભાઓની સફળ રીતે પ્રસૂતિ કરાવવામાં આવી છે.જિલ્લા પંચાયત આરોગ્ય શાખા તથા વહીવટી તંત્ર દ્વારા અતિ ભારે વરસાદના લીધે પુરગ્રસ્ત સ્થિતિને પહોચી વળવા માટે ૩૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૯ સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા ૨૧૦ પેટા આરોગ્ય કેન્દ્રો ચોવીસ કલાક ચાલુ રાખી લોકોને પ્રાથમિક તથા રેફરલ સુવિધા પૂરી પાડવામાં આવી હતી. જેમાં તાવ, ઝાડા, શરદી ઉધરસ, બીપી વગેરે રોગોની સારવાર,સુવિધા અને ઈમરજન્સી સેવાઓ પુરી પાડવામાં આવી હતી. લાલપુર તાલુકાના ભણગોર ગામે રહેતા મૂળ મધ્યપ્રદેશથી ખેત મજુરી અર્થે આવેલ જ્યોતિબેન મુકેશભાઈ બારિયા નામના સગર્ભાને દુખાવો ઊપડતાં રાત્રે ૨:૩૦



કલાકે આરોગ્ય કેન્દ્ર ભણગોરની ટીમ દ્વારા તેઓની નોર્મલ પ્રસૂતિ કરાવવામાં આવી હતી. જે બદલ તેમના પરિવારજનોએ સરકાર અને આરોગ્ય વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.જિલ્લા કલેકટર બી. કે. પંડયા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ તથા જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલું દ્વારા આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું.

# ભારે વરસાદથી હાલારમાં ખેડૂતોને કરોડોનું નુક્સાન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર અને દેવભૂમિ દ્વારકામાં , તાજેતરમાં સતત અને ભારે વરસાદ વરસતાં કૃષિ ક્ષેત્રમાં વ્યાપક તારાજી જોવા મળી રહી છે . ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે . વિવિધ પાકો નાશ પામ્યા છે , ખેતીનો સોથ વળી ગયો છે . જામનગરની સરખામણીએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તો અગાઉ પણ ભારે વરસાદ નોંધાયો હતો . એ સમયે પણ ખેતીને નુકસાન થયેલું . એમાં પણ ગત સોમવારથી ગુરૂવાર દરમિયાન દ્વારકા અને જામનગર જિલ્લામાં એકધારો અને ભારે વરસાદ પડતાં ખેડૂતોની કમનસીબી વધુ ભયાનક બની ગઈ છે ,



સંખ્યાબંધ ગામડાંઓમાં તો અતિવૃષ્ટિ થઈ હોય , ખેતીની આ સિઝન જ નિષ્ફળ ગઈ છે . બંને જિલ્લાઓના સંખ્યાબંધ વાડીખેતરોમાં આજની તારીખે પાણી ભરેલાં છે . નદીઓમાં પૂર આવતાં હજારો એકર ખેતીની જમીનોનું ખવાણ - ધોવાણ થયું છે . જળાશયોમાંથી પુષ્કળ પાણી છોડાયું તેમાં પણ જમીનોનું ધોવાણ થયું છે . વિવિધ પ્રકારના ઉભા પાક વાડીખેતરોમાં કાયમને માટે સૂઈ ગયા છે . હજારો વાડીખેતરો આજે પણ તલાવડી સમાન દેખાઈ રહ્યા છે .આ ભારે વરસાદને કારણે ખેતીમાં થયેલાં કરોડોના નુકસાન અંગે હજુ સુધી સરકાર લેવલે કોઈ નિર્ણયની જાહેરાત થઈ નથી . સર્વે કામગીરીઓ પણ શરૂ થઈ નથી . બીજી તરફ સર્વે અને સહાય માટેની માંગ ઉઠી રહી છે . કૃષિ વિભાગ અથવા મુખ્યમંત્રી સ્તરે આ મહા નુકસાન અંગે હજુ સુધી કોઈ નીતિવિષયક નિર્ણયની જાહેરાત કે કાર્યવાહીઓ શરૂ ન થતાં ખેડૂત વર્ગમાં અજંપાની લાગણી વ્યક્ત થઈ રહી છે . અત્રે ઉલ્લેખનિય છે કે , તાજેતરના ભારે વરસાદ દરમિયાન હાલારના સંખ્યાબંધ ગામડાંઓ દિવસો સુધી ટાપુ જેવી સ્થિતિમાં ફેરવાઈ ગયા હતાં . જેને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી ઉપરાંત અન્ય નુકસાન પણ કરોડોમાં છે .

# ટંકારાના સજનપર ગામ નજીક દેશી તમંચા જેવા હથિયાર સાથે એક પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા પોલીસ મથક ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ ખાનગીરાહે બાતમીને આધારે સજનપર ગામ નજીક પંચાસીયા ગામ જવાના રસ્તેથી આરોપી ધનજીભાઈ દેવાભાઈ ધોળકીયા ઉવ.૬૩ રહે.સજનપરવાળાને પાસ પરવાના કે આધાર વગરના દેશી હાથ બનાવટના તમંચા જેવા હથિયાર કિ.રૂ.૨ હજાર સાથે ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે પકડાયેલ આરોપી વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં હથિયારધારા તથા જીપી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

3 મુખ્ય સમાચાર Dt.02-09-2024

# મેઘરાજાએ અમીદ્રષ્ટી વરસાવતા આજી નદીના જળની ભવ્ય આરતી કરાઈ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ભારતમાં ઈશ્વરની પૂજાની સાથે નદી, પહાડોનું મહત્વનું છે. ત્યારે રાજકોટ શહેર આજી ડેમના કિનારે વસેલુ છે. તેવું કહેવાય છે. અને આજી નદી પણ એક મા તૂલ્ય છે. અને ભારતમાં નદીઓની પણ પૂજા કરવામાં આવે છે. ગંગામૈયાની પૂજા દૈનિક કરવામાં આવે છે. અને પંડિતો દ્વારા માતાની આરતી ઉતારવામાં આવે છે. આ આરતીની અનેક વિશેષતાઓ હોય છે. ત્યારે આ પ્રકારની આરતીનો લ્હાવો હવે રાજકોટવાસીઓને પણ મળ્યો હતો. આજી નદીના કિનારા પર ઘાટ બનાવવામાં આવ્યો છે. જ્યાં હવે રામનાથ મહાદેવ ભક્તો દ્વારા આરતીનું આયોજન કરાયું હતું. આ આજી નદીની આરતીને જોવા અનેક લોકોની ભીડ એકઠી થઈ હતી.

## રાજકોટમાં રેસિડેન્ટ ડોક્ટોરોની હડતાળઃ સરકારે ૪૦%ને બદલે ૨૦% સ્પાઈપેન્ડ આપ્યું

### ઈમરજન્સી સહિતની સેવાથી દૂર રહેશે, હજારો ઓપીડી કેન્સલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોલકાતામાં જુનિયર ડોક્ટર પર રેપ-મર્ડર કેસના વિરોધમાં હડતાળ પર ઊતરેલા રાજ્યભરના રેસિડેન્ટ ડોક્ટરો વધુ એકવાર સ્ટાઈપેન્ડના મુદ્દે આજે હડતાળ પર ઊતરી રહ્યા છે. આ હડતાળ દરમિયાન રેસિડેન્ટ ડોક્ટરો ઈમર્જન્સી સહિતની તમામ સેવાઓથી અળગા રહેશે. તેઓ સરકાર સામે આક્રોશ વ્યક્ત કરતા કહે છે કે, દર ત્રણ વર્ષે સ્ટાઈપેન્ડ વધારવાનું હોય છે પણ હવેથી ૫ વર્ષે વધારવાનો નિર્ણય ર્ક્યો છે. જેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. તેમજ સ્ટાઈપેન્ડ પણ ૪૦ ટકાને બદલે માત્ર ૨૦ ટકા જ વધાર્યું છે.




ઉલ્લેખનીય છેકે, એક તરફ સિઝનલ રોગચાળો ફાટી નિકળ્યો છે અને બીજી તરફ રેસિડેન્ટ ડોક્ટરો હડતાળ પર છે. ત્યારે દર્દીઓએ આજે ભારે હાલાકીનો સામનો કરવો પડશે. આજે રાજકોટમાં હજારો ઓપીડી રદ કરવામાં આવી છે.

## પીપળે પાણી રેડી સોમવતીઅમાસે પિતૃ તર્પણ કરતા શ્રદ્ધાળુ



(તસ્વીરઃ આનંદ જાવિયા)




શ્રાવણ મહિનાના આજે અંતિમ દિવસે એટલે કે સોમવતી અમાસે પીપળે પાણી રેડવાનું અનેરૂ મહત્વ છે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતમાં મોટી સંખ્યામાં ભાવિકો દ્વારા આજે પિતૃ તર્પણ કરાયું હતું આજે ભાદરવી અમાસના દિવસે પીપડે પાણી રેડી ભાવિકો દ્વારા પિતૃઓના મોક્ષ માટે પ્રાર્થના કરવામાં આવી હતી આજે ઐતિહાસિક દામોદર કુંડ ખાતે પણ હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા દામોદર કુંડમાં સ્નાન કરી પિતૃ તર્પણ કર્યું હતું

## રજાના દિવસે પણ કાર્યરત રહેલું જિલ્લા વહીવટી તંત્ર

### ભારે વરસાદથી અસરગ્રસ્તોને કેશ ડોલ્સ, ઘરવખરી અને પશુમૃત્યુની સહાય રવિવારે પણ ચૂકવાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતરમાં થયેલા ભારે વરસાદથી અસરગ્રસ્ત નાગરિકોને મળવાપાત્ર સહાય ચૂકવવા માટે રવિવારની જાહેર રજાના દિવસે પણ સમગ્ર જિલ્લાનું વહીવટી તંત્ર કાર્યરત રહ્યુ હતું. અને અસરગ્રસ્તોને કેશ ડોલ્સ, ઘરવખરી સહાય તથા પશુમૃત્યુ સહાયના ચૂકવણા કરવામાં આવ્યા હતા.



કલેકટર કચેરી ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ તાલુકાઓના પ્રાંત અધિકારીઓ, મામલતદારો તથા ચીફ ઓફિસરો પાસેથી નુકસાની સહાય/કેશડોલ્સના સર્વે /ચૂકવણાં તથા પશુઓના મૃત્યુ અંગેની સહાય સહિત તમામ બાબતોની વિગતો મેળવી હતી, તથા આ સહાય ચૂકવવા માટે યુદ્ધના ધોરણે કાર્યવાહી કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

સમગ્ર રાજકોટ જિલ્લા તથા શહેરના કુલ ૨૪૭૫ લાભાર્થીઓને કેશ ડોલ્સ ચુકવાઇ ગઈ છે. ૪૬ વ્યક્તિઓને ઘરવખરીની સહાય અપાઈ ગઈ છે તથા ૧૦૫ જેટલા પશુઓના મૃત્યુ અથવા ઈજા અંગેની સહાયનુ ચૂકવણું થઈ ગયું છે. આ સમીક્ષા બેઠકમાં અધિક નિવાસી કલેકટર શ્રી ચેતન ગાંધી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એ. કે. વસ્તાણી, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી રાજેશ્રી વંગવાણી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ઇલાબેન ગોહિલ, પ્રાંત અધિકારીઓ સર્વશ્રી મહેક જૈન, ચાંદની પરમાર અને શ્રી વિમલ ચક્રવર્તી કલેકટર કચેરી ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

## પેન્ડિંગ કેસ ન્યાયતંત્ર માટે મોટો પડકાર, જ્યારે બળાત્કાર જેવા કેસમાં તાત્કાલિક ન્યાય આપવામાં આવતો નથી, ત્યારે લોકોનો વિશ્વાસ ઉઠી જાય છે : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

### આપણા સામાજિક જીવનનું દુઃખદ પાસું એ છે કે ઘણા કિસ્સાઓમાં, ઘણા લોકો ગુના કર્યા પછી પણ મુક્તપણે ફરતા રહે છે, જ્યારે તેમના પીડિતો ભયમાં જીવે છેઃ મહિલાઓની સ્થિતિ વધુ ખરાબ છે કારણ કે આપણો સમાજ તેમને સાથ આપતો નથી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રવિવારે (૧ સપ્ટેમ્બર) કહ્યું કે પેન્ડિંગ કેસ અને બેકલોગ ન્યાયતંત્ર માટે મોટો પડકાર છે. જ્યારે બળાત્કાર જેવા કેસમાં કોર્ટનો નિર્ણય પેઢી વીતી ગયા પછી આવે છે ત્યારે સામાન્ય માણસને લાગે છે કે ન્યાયની પ્રક્રિયામાં કોઈ સંવેદનશીલતા બાકી રહી નથી. રાષ્ટ્રપતિ મુર્મુએ નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે જિલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીય પરિષદના સમાપન કાર્યક્રમમાં હાજરી આપી હતી. અહીં જ તેણે આ વાત કહી.



મુખ્ય ન્યાયાધીશ ડી.વાય ચંદ્રચુડ અને કેન્દ્રીય કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અર્જુન રામ મેઘવાલ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુર્મુએ સુપ્રીમ કોર્ટના ધ્વજ અને પ્રતીકનું પણ વિમોચન કર્યું હતું.

મુર્મુએ કહ્યું કે અદાલતોમાં તાત્કાલિક ન્યાય મેળવવા માટે આપણે કેસોની સુનાવણી સ્થગિત કરવાની સંસ્કૃતિને ખતમ કરવી પડશે. આ માટે જરૂરી તમામ પ્રયાસો કરવા જોઈએ. ન્યાયની રક્ષા કરવાની જવાબદારી આ દેશના તમામ ન્યાયાધીશોની છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે કોર્ટરૂમમાં આવતા જ સામાન્ય માણસનું તણાવનું સ્તર વધી જાય છે. તેણે તેને પબ્લેક કોટ સિન્ડ્રોમથ નામ આપ્યું અને તેનો અભ્યાસ કરવાનું સૂચન કર્યું. તેમણે ન્યાયતંત્રમાં મહિલા અધિકારીઓની વધતી સંખ્યા અંગે પણ ખુશી વ્યકત કરી હતી.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, ગામડાના લોકો ન્યાયતંત્રને દિવ્ય માને છે, કારણ કે તેમને ત્યાં ન્યાય મળે છે. એક કહેવત છે - ભગવાનના ઘરમાં વિલંબ છે, અંધકાર નથી. પણ ક્યાં સુધી? આપણે આ વિશે વિચારવું પડશે. કોઈને ન્યાય મળે ત્યાં સુધીમાં, તેમના ચહેરા પરથી સ્મિત ગાયબ થઈ જાય છે અને ઘણા કિસ્સાઓમાં, તેમનું જીવન પણ સમાપ્ત થઈ જાય છે. આ અંગે ઊંડાણપૂર્વક વિચારવાની જરૂર છે.

મુર્મુએ કહ્યું કે મને કહેવામાં આવ્યું છે કે તાજેતરના સમયમાં મેનેજમેન્ટ, ઇન્ફ્રાસ્ટ્રકચર, સુવિધાઓ, તાલીમ અને મેનપાવરમાં સુધારો થયો છે. પરંતુ આ વિસ્તારોમાં હજુ ઘણું કરવાનું બાકી છે. મને એ જોઈને આનંદ થાય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં પસંદગી સમિતિમાં મહિલાઓની સંખ્યા વધી છે. આ કારણે પસંદગી સમિતિમાં મહિલાઓની સંખ્યામાં ૫૦%નો વધારો થયો છે.આપણી ન્યાયતંત્ર સામે ઘણા પડકારો છે, જેના માટે તમામ જવાબદાર લોકોએ સાથે મળીને કામ કરવું પડશે. ઉદાહરણ તરીકે, પુરાવા અને સાક્ષીઓ સંબંધિત બાબતો ન્યાયતંત્ર, સરકાર અને પોલીસ પ્રશાસન દ્વારા સંયુક્ત રીતે ઉકેલવી જોઈએ.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# માધવપુરા ક્રિકેટ સટ્ટાકાંડમાં મોસ્ટ વોન્ટેડ સટ્ટાખોર દુબઈથી ઝડપાયો

## વેજલપુરમાં બુકીની ઓફિસ પર દરોડા દરમિયાન ગેરકાયદેસર ડબ્બા ટ્રેડિંગ ક્રિકેટ સટ્ટા ની લેવડ દેવડ મળી આવી હતી

## અત્યાર સુધીમાં પોલીસે કુલ ૩૬ આરોપીઓની ધરપકડ કરી છે : SMC ના વડા નિર્લિપ્ત રાયે જાતે દુબઈ જઈ અટક કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઘણા એવા કિસ્સા તમે સાંભળ્યા હશે કે કોઈ મોસ્ટ વોન્ટેડ આરોપીની ધરપકડ થાય એ પહેલા જ તે દુબઈ ભાગી જાય. પણ આ વખતે એવું બન્યું કે ગુજરાત પોલીસની સૌથી મજબૂત ગણાતી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દુબઈ પહોંચી અને ક્રિકેટ સટ્ટાકાંડ સાથે જોડાયેલા કુખ્યાત આરોપીની ધરપકડ કરી લાવી. આ માટે સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાય અને અન્ય બે પોલીસ અધિકારીઓ ડીવાયએસપી કે. ટી. કામરિયા અને પીઆઈ આર.જી.ખાંટ પણ આ ખાસ મિશન માટે દુબઈ પહોંચ્યા હતા. તમને જાણીને નવાઈ લાગશે કે જે ફ્લાઈટમાં દીપક ઠક્કરને લઈને આવ્યા એ એરલાઇન્સ કંપનીને પણ પ્રોટોકોલ પ્રમાણે અગાઉ જ જાણ કરવામાં આવી હતી કે આ ફ્લાઇટમાં વોન્ટેડ આરોપી હશે.

માર્ચ, ૨૦૨૩માં જ્યારે અમદાવાદના માધુપુરાથી ક્રિકેટ સટ્ટાકાંડનો પર્દાફાશ થયો ત્યારે એવી માહિતી સામે આવી હતી કે લગભગ ૨૩૦૦ કરોડ રૂપિયાની આસપાસના નાણાકીય વ્યવહારો થયા હોઈ શકે છે. પરંતુ દુબઈથી દીપક ઠક્કરની ધરપકડ બાદ સ્ટેટ મોનિટરિંગ સેલને લાગી રહ્યું છે કે આ આંકડો હજુ પણ હજારો કરોડને આંબી જાય એવો છે. કારણ કે માંડ ધોરણ ૮ સુધી ભણેલા દીપક ઠક્કરે જ એક સર્વર અને મોબાઇલ એપ્લિકેશનના માધ્યમથી લગભગ ૨ લાખ લોકો સુધી ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક ફેલાવ્યું હતું.

કરોડો રૂપિયાના ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી ઓપરેટ થતું હતું. પરંતુ સટ્ટાબાજીમાંથી આંધળી આવક થતાં કોરોનાકાળ અગાઉ જ દીપક ઠક્કર દુબઈ જતો રહ્યો હતો. એ દુબઈથી જ નેટવર્કના માસ્ટર માઇન્ડથી ભૂમિકામાં રહેતો. એટલું જ નહીં તેણે ગોઠવેલા લોકો ગુજરાત અને આસપાસના વિસ્તારોમાંથી સટ્ટાબાજીથી જે રૂપિયા બેંકોમાં જમા થતાં તેને હવાલા મારફતે દુબઈ પહોંચાડતા હતા.

નિર્લિપ્ત રાયે આપેલી જાણકારી પ્રમાણે માધુપુરા સટ્ટાકાંડમાં શરૂઆતના તબક્કે જે પોલીસ ફરિયાદ થઈ એમાં દીપક ઠક્કર આરોપી હતો જ નહીં. જ્યારે આ કેસની તપાસ ચાલી ત્યારે ત્રણ મુદ્દા સામે આવ્યા અને દીપક જ મોટું માથું હોવાનું ખૂલ્યું. આ તપાસમાં જ વેલોસિટી સર્વર અને મેટાટ્રેડર વિશે જાણકારી મળી હતી. મેટાટ્રેડર ડબ્બા ટ્રેડિંગ પ્લેટફોર્મ છે. એક રીતે તે મોબાઇલ એપ્લિકેશન છે. જેમાં એક વ્યક્તિ તેનું સંચાલન કરે છે અને અન્ય ઘણા લોકો તેના પર સટ્ટો રમે છે. એમાં પણ આખી ચેનલ બનાવવામાં આવી હતી. એટલે કે વિવિધ લોકોને એજન્ટ બનાવીને તેમની આઈડી ક્રિએટ કરવામાં આવતી હતી. આ એજન્ટો અન્ય નવા લોકો સુધી પહોંચીને સટ્ટો રમાડતા હતા.

### ૮ ધોરણ પાસ દીપક ઠક્કર સટ્ટાકાંડનો માસ્ટરમાઈન્ડ બન્યો

દીપક ઠક્કરનું મૂળ વતન બનાસકાંઠા જિલ્લામાં આવેલું ભાભર છે. અગાઉ તે ભાભરમાં અંબિકાનગર સોસાયટીમાં રહેતો હતો. ધોરણ ૮ સુધી ભણેલો દીપક અગાઉ શેરબજારના કામકાજમાં ઝંપલાવ્યો હોવાનું સૂત્રોએ જાણકારી આપી છે. ત્યાર બાદ તેણે અમદાવાદના વેજલપુરમાં પીએનટીસી નામના કોમ્પ્લેક્સમાં ૧૧માં માળે બે ઓફિસ રાખી હતી. જ્યાં તેણે વી.વી.આઈ.પી. સોફ્ટવેર નામની ઓફિસ શરૂ કરી હતી. તે શેરબજારના ડબ્બા ટ્રેડિંગની ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે વેલેસિટી સર્વરમાં મેટાટ્રેડર એપ્લિકેશનનો ઉપયોગ કરી, શેરબજારના ડબ્બા ટ્રેડીંગનું આઈ.ડી.લઈ, બિનઅધિકૃત રીતે શેરબજારના સોદાઓ કરતો અને કરાવતો હતો. આ રીતે તેણે પોતાનું આખું નેટવર્ક ઊભું કરી લીધું હતું.

આ ડિજિટલ સટ્ટાકાંડનો માસ્ટરમાઇન્ડ દીપક ઠક્કર હતો.

નિર્લિપ્ત રાય કહે છે, અમે કેટલાક આરોપીઓની ધરપકડ બાદ આ સર્વર અમદાવાદના વેજલપુરની જે ઓફિસમાંથી એપરેટ થતું હતું ત્યાં દરોડા પાડ્યા હતા. ત્યાં ફોન અને લેપટોપમાંથી ઘણી માહિતી મળી. મેટાટ્રેડરમાં કેટલા લોકો જોડાયેલા છે, કેટલા રૂપિયાનો સટ્ટો રમાય છે, કોણ-કોણ અને ક્યાંથી ઓપરેટ કરે છે એ વિગતો મળી હતી.

દીપક ઠક્કર પાસેથી માધુપુરા સટ્ટાકાંડના આરોપી હર્ષિત જૈને આવી જ એક માસ્ટર આઈડી લીધી હતી. એટલે ૨૨૦૦ કરોડનો આંકડો સામે આવ્યો એ ફક્ત હર્ષિત જૈનને મળેલી માસ્ટર આઈડીથી થયેલા નાણાકીય લેડવદેવડનો છે. જે આઈડી હર્ષિત જૈન પાસે છે એવી આઇડી અન્ય ૫૦૦ લોકો પાસે પણ હતી.

સટ્ટાકાંડમાં સૌથી શિખરે બેસેલા દીપક ઠક્કરને દુબઈથી લાવવા માટે કઈ-કઈ પ્રક્રિયા અનુસરવી પડે એ વિશે જાણકારી આપતા નિર્લિપ્ત રાયે કહ્યું, જ્યારે કોઈ આરોપી વોન્ટેડ હોય, વિદેશમાં હોય અથવા વિદેશ ભાગી જશે એવી સંભાવના લાગે છે ત્યારે લુકઆઉટ સર્ક્યુલર બહાર પાડવામાં આવે છે. પછી અરેસ્ટ વોરંટ ઈશ્યૂ થાય છે. આ વોરંટ અલગ પ્રકારનું હોય છે. સામાન્ય રીતે અરેસ્ટ વોરંટનો ૬ મહિના કે ૧ વર્ષનો સમયગાળો હોય છે. જ્યારે આવા વોન્ટેડને પકડવાના કિસ્સામાં અનિશ્ચિત સમયનો વોરંટ ઈશ્યૂ થાય છે. આ વોરંટના આધારે ઇન્ટરપોલને દરખાસ્ત કરી કે દીપક ઠક્કર વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવે. આવી દરખાસ્ત સીબીઆઈ તેમજ એનસીબી મારફતે આપી શકાય છે.

રેડ કોર્નર નોટિસ જાહેર થાય તો એક રીતે ઇન્ટરનેશનલ અરેસ્ટ વોરંટ ઈશ્યૂ થયો કહી શકાય. જેથી આરોપી આંતરરાષ્ટ્રીય ભાગેડુ જાહેર થઈ જાય છે. આટલી પ્રક્રિયા થઈ એ દરમિયાન દીપક ઠક્કર દુબઈમાં હોવાની જાણકારી મળી. એટલે ઇન્ટરપોલના માધ્યમથી યુએઈ સરકાર સાથે સંપર્ક સાધ્યો હતો. યુએઈ સરકારને આરોપી વિરુદ્ધ કેવા કેસ છે એ જાણકારી આપી એટલે તેમણે દીપક ઠક્કરની માર્ચ મહિનામાં ધરપકડ કરી લીધી હતી.

સ્ટેટ મોનિટરિંગ સેલે પ્રત્યાર્પણની અરજી સૌથી પહેલા અંગ્રેજી ભાષામાં બનાવી હતી. પછી તેનું અરબી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યું હતું. આ દરખાસ્ત ગુજરાત સરકારના ગૃહ વિભાગને મોકલી ત્યાંથી કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને ત્યાર બાદ વિદેશ મંત્રાલય સુધી આ દરખાસ્ત પહોંચી. ત્યાર પછી યુએઈ સરકારને મોકલવામાં આવી હતી.

દુબઈમાં પ્રત્યાર્પણની દરખાસ્ત પહોંચ્યા બાદ ત્યાંની કોર્ટમાં રજૂ કરવામાં આવી. આમ તો તમામ સ્ટેજ પર દરખાસ્તની કાયદેસરતા ચકાસવામાં



આવે છે. ત્યાંની કોર્ટને પણ અધિકાર છે કે તે અરજી માન્ય રાખી શકે અથવા ફગાવી પણ શકે છે. દીપકના કેસમાં દુબઈની કોર્ટે પ્રત્યાર્પણની અરજી માન્ય રાખી હતી.દીપક ઠક્કર માટે કરેલી પ્રત્યાર્પણ અરજી ત્યારે કોર્ટે મંજૂર કરી એટલે સીબીઆઈ મારફતે આ જાણકારી ૮ ઓગસ્ટના રોજ સ્ટેટ મોનિટરિંગ સેલને મળી હતી કે તમે આરોપીને લઈ જઈ શકો છો. આ પ્રક્રિયાને સિક્યોરિટી મિશન કહેવામાં આવે છે.સિક્યોરિટી મિશન માટે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારની પરવાનગી લેવી પડે છે. આ ઉપરાંત જે એરલાઇન્સમાં આરોપીને લાવવાનો હોય એ કંપનીને પણ જાણ કરવાની હોય છે. સાથે જ બ્યૂરો ઓફ સિવિલ એવિએશનની પણ પરવાનગી લેવી પડે છે.આ બધી પ્રક્રિયા થયા બાદ સ્ટેટ મોનિટરિંગ સેલમાંથી એસકોર્ટ ટીમ દુબઈ ગઈ હતી, જેમાં સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાય, ડીવાયએસપી કે.ટી.કામરીયા તથા પીઆઈ આર.જી.ખાંટ સામેલ હતા.

જ્યારે દીપક ઠક્કરને લઈને અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થયા ત્યારે અગાઉથી જ બે પીએસઆઈ સહિતનો કાફલો તહેનાત કરી દેવામાં આવ્યો હતો. એટલે પુરતી સુરક્ષા સાથે તેને સ્ટેટ મોનિટરિંગ સેલની ઓફિસે લઈ જવામાં આવ્યો.

# પુનિતનગર પાસે વાવડી ગામે પૂર્વ પત્નીએ બીજી સગર્ભા પત્નીને ઝેર પીવડાવી મારી નાખવાનો પ્રયાસ કર્યો

## છૂટાછેડા લઈ લેવા માટે ઘરમાં ઘૂસી મારકૂટ કર્યાની તાલુકા પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**


પુનિતનગર પાસે વાવડી ગામે રહેતા યુવકે તેની પૂર્વ પત્નીને છૂટાછેડા આપ્યા બાદ અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા.જેથી આ વાતનો ખાર રાખીને તેની પૂર્વ પત્ની યુવકના ઘરે ઘસી આવી હતી.અને બીજી પત્નીને મારી નાખવા તેની સાથે મારામારી કરી તેણીને ઝેરી દવા બળજબરીથી પીવડાવી દીધી હતી. ઉપરાંત તેણીના પેટમાં રહેલા સંતાનને મારી નાખવા પેટમાં લાત મારી હતી.જેથી આ મામલે તાલુકા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

વાવડી ગામે રહેતા મંજુલાબેન સુંદરવાએ તેની પૂર્વ પુત્રવધુ નીકીતા નાનજી દવેરા(રહે.શાપર)નું નામ આપી ફરિયાદ નોંધાવી છે.જેમાં તેના પુત્ર જીત સાથે નીકીતાના લગ્ન થયા હતા.અને તેમણે સંતાનમાં એક પુત્રી છે.થોડા સમય બાદ બંને વચ્ચે બોલાચાલી થતાં તેઓએ છૂટાછેડા લઈ લીધા હતા. બાદમાં જીતે ૮ માસ પૂર્વે ચાર્મી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા.અને તેણીને હાલ પાંચ માસનો ગર્ભ છે.નીકીતા સાથે જીતના છૂટાછેડા થયા બાદ તેને ચાર્મી નામની યુવતી સાથે લગ્ન કરી લીધા તે વાતનો ખાર રાખી નીકીતા ચાર્મી સાથે અવારનવાર ઝગડો કરતી હતી.ગત તા.૩૧-૦૮ના ચાર્મી તેના ઘરે હતી ત્યારે નીકીતા ઘર પર ઘસી આવી હતી. અને તું કેમ જીત સાથે રહે છે.અને કેમ તે લગ્ન કર્યા છે.તેમ કહી ઝગડો કરી ચુંદડી વડે ચાર્મીને ગળેટુંપો દેવાનો પ્રયત્ન કર્યો હતો.અને ઝેરી પાવડર પાણીમાં નાખીને ચાર્મીને બળજબરીથી પીવડાવી દીધો હતો.ઉપરાંત ચાર્મીને પાંચ માસનો ગર્ભ હોવાથી તેના પેટમાં રહેલા સંતાનને મારી નાખવાના ઇરાદે પેટમાં નીકીતાએ લાત મારી હતી.ઘરમાં દેકારો થતાં જ આસપાસના લોકો દોડી આવતા નીકીતા ઘરેથી ભાગી ગઈ હતી. અને આ ઘટનાની જાણ ચાર્મીના પતિ જીત તેમજ તેમના સાસુને થતાં તેઓએ ચાર્મીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડી હતી.જ્યારે આ મામલે તાલુકા પોલીસે નીકીતા સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથધરી છે.

# ધોરાજીમાં પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં જ એક યુવાને આપઘાત કરી લેતા ચકચાર

**મુખ્ય સમાચાર, ધોરાજી**

રાજકોટ જિલ્લાના ધોરાજીમાં પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં જ એક યુવાને બાથરૂમમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. યુવાનને ચોરીના ગુન્હામાં લોકો દ્વારા પકડવામાં આવ્યો હતો અને બાદમાં પોલીસ સ્ટેશન ખાતે પોલીસને સોંપવામાં આવ્યો હતો. આ દરમિયાન આ યુવાનની પૂછપરછ કરવામાં આવી રહી હતી. તે દરમિયાન જ ઈન્ટ્રોગેશન રૂમના બાથરૂમમાં જ આ યુવાને આપઘાત કરી લેતા પોલીસ દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી



અને બાદમાં પ્રાથમિક મેડિકલ સારવાર પણ અપાય હતી, પરંતુ આ યુવાન બચી શક્યો ન હતો. સિવિલ હોસ્પિટલમાં લઈ જવાતા યુવાનને મૃત જાહેર કરવામાં આવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નાયબ પોલીસ અધિક્ષક રોહિત ડોડીયાએ જણાવ્યું હતુ કે, ધોરાજીના 30 વર્ષીય કમલેશ કેશવજીભાઈ પરમાર નામના યુવકને ધોરાજી સિટીમાં હનુમાનના મંદિર પાસે ચોરી કરતા પબ્લિક દ્વારા પકડી પાડવામાં આવ્યો હતો અને પોલીસને સોંપવામાં આવ્યો હતો ત્યારબાદ તેની પૂછપરછ કરવામાં આવી હતી. જેથી પોલીસ સ્ટેશનના ઇન્ટ્રોગેશનના બાથરૂમમાં ગળાફાંસો ખાવાની કોશિશ કરી હતી. જેથી પોલીસ દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી અને યુવાનને CPR આપવામાં આવ્યું હતુ.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે આ યુવાને પોલીસ સ્ટેશનમાં જ ગળાફાંસો ખાવાનો પ્રયાસ કરતા તુરંત જ એમ્બ્યુલન્સને બોલાવી લેવામાં આવી હતી અને આ યુવાનને બચાવવા માટે ઈ૭છ મારફત પ્રાથમિક મેડિકલ ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી અને બાદમાં આ યુવાનને હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જોકે તે વખતે ફરજ પરના તબીબોએ આ યુવાનને મૃત જાહેર કર્યો હતો. જેથી પોલીસે મૃત્યુ નોંધ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ફેડ બેન્કમાં નકલી સોનું ગીરવે મૂકી એક શખ્સે ૨૫ દિવસમાં પાંચ લાખની લોન લીધી

## બેંક સંચાલકોએ લોનધારકને જાણ કરતા હાથ ઊંચા કરી દેતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટમાં મોટી ટાંકી ચોકમાં આવેલી ફેડ બેન્ક સાથે છેતરપિંડી થવા પામી છે જ્યાં એક શખ્સ નકલી સોનું ગીરવે મુકીને ૨૫ દિવસમાં પાંચ લાખની લોન લઈ લીધા બાદ હાથ ઉંચા કરી દેતાં આખરે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ફેડ બેન્ક ફાયનાન્સીયલ સર્વિસિઝ લિમિટેડમાં મેનેજર તરીકે નોકરી કરતાં વિજય મહેશકુમાર વ્યાસે પ્ર.નગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે રેલનગરમાં રહેતા હિતેન્દ્રસિંહ રાણાએ તા. ૧૭ ફેબ્રુઆરી-૨૦૨૪થી તા.૧૩ માર્ચ સુધીમાં અલગ-અલગ વખત સોનું ગીરવે મુકી ૫,૨૧,૮૭૫ રૂપિયાની લોન મેળવી હતી. દાગીનાની પ્રાથમિક તપાસ કરી બેન્ક કર્મચારી સીએસઆઈ ભાવનાબેન મોઢવાડિયા અને આરઈ મયુરીબેન વોરાએ દસ્તાવેજી કાર્યવાહી કરી હતી. આ પછી બેન્કનું ત્રિ-માસિક ઓડિટ આવ્યું હતું જેમાં આ દાગીનાની ખરાઈ કરવામાં આવતાં તે ૩૫%થી નીચે હોવાનું ખુલ્યું હતું મતલબ કે દાગીના ઉપર સોનાનું પાણી ચડાવ્યું હોય તેવું લાગી રહ્યું હતું. ત્યારબાદ આ અંગે હિતેન્દ્રસિંહ રાણા સાથે વાત કરતા તેણે એવું કહ્યું હતું કે કે તે ઝડપથી લોન ભરપાઈ કરી દેશે પરંતુ આવું કરવાની જગ્યાએ તેણે લોનના હપ્તા કે મુળ રકમ પણ ભરપાઈ કરી નથી. આ દાગીનાની તેણે સોની વેપારી કે વેલ્યુઅર પાસે પણ ખરાઈ કરાવી નથી. ફરિયાદ બાદ પોલીસે હિતેન્દ્રસિંહ રાણા સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે

# રિક્ષામાં મુસાફરોના ખિસ્સા હળવા કરતી ગેંગનો સાગરીત ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં ફરી રિક્ષા ગેંગ સક્રિય બની છે.ત્યારે વધુ એક મુસાફર તેનો ભોગ બન્યો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.ઈશ્વરીયા ગામે રહેતા પ્રકાશ સુરેશભાઈ ગોહેલ ગત.તા.30ના માધાપર ચોકડીએથી રીક્ષા કરીને બજરંગવાડીમાં રહેતા તેમના બહેનના ઘરે જતાં હતા.ત્યારે રીક્ષામાં તેની સાથે અન્ય એક પેસેન્જર પણ બેઠા હતા. રીક્ષા બજરંગવાડી પોલીસ ચોંકી પાસે પહોંચી ત્યારે રીક્ષા ચાલકે પ્રકાશને ઉતારી દીધા હતા. અન્ય પેસેન્જરને ઉતારીને પરત આવે છે.તેમ કહ્યું હતું. અને રિક્ષા ગયા બાદ યુવાને તેના ખિસ્સા તપાસતાં રોકડ રૂપીયા ૧૦ હજાર ભરેલ પર્સ જોવા ન મળતાં જેથી રિક્ષામાં સાથે બેઠેલા પેસેન્જરે સેરવી લીધાની ગ્રાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન સર્વેલન્સ સ્કોર્ડનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો.ત્યારે બજરંગવાડી પાસે પેસેન્જરને ઉતારી તેનું પર્સ સેરવી લેનાર રીક્ષા ચાલક અયોધ્યા ચોક પાસે તેની રીક્ષા સાથે ઉભેલ હોવાની બાતમી આધારે તપાસ કરતાં વેલનાથપરા સોસાયટીમાં રહેતો સુનીલ રામજીભાઈ ધોળકીયાને ઝડપી લીધો હતો.તેમજ આજીડેમ માંડાડુંગર પાસે રહેતા સંજય વાજાની શોધખોળ હાથ ધરી છે.

# બીમાર પત્નીની સારવાર માટે લીધેલા વ્યાજના ₹૨૦,૦૦૦ના યુવાને ૯૦,૦૦૦ ચૂકવ્યા છતાં વ્યાજખોરની પઠાણી ઉઘરાણી

**મુખ્ય સમાચાર રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલા ક્વાર્ટરમાં રહેતા યુવાનની પત્નિ બીમાર હોવાથી સારવાર માટે પૈસાની જરૂરીયાત હોવાથી તેના જ ક્વાર્ટરમાં રહેતા શખસ પાસેથી રૂ.૨૦ હજાર ૨૫ % લેખે લીધા હોય બાદમાં પૈસાની સગવડ ન હોવાથી હપ્તો ન આપતા વ્યાજખોરે ઘરમાં ઘૂસી જઈ જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી મારી નાખવાની ધમકી આપી બળજબરી ચેકબુક પડાવી લેતાની તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

વામ્બે આવાસ ક્વાર્ટરમાં રહેતા સોનુ ચંદુભાઈ વાળાએ તાલુકા પોલીસમાંજી વિજયપરી ભીખુપરી ગૌસ્વામી સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં છ મહિના પુર્વે તેઓની પત્નિ બિમાર હોવાથી સારવાર માટે પૈસાની જરૂરીયાત હોવાથી તેના જ ક્વાર્ટરમાં રહેતા ઉપરોક્ત આરોપી પાસેથી ૨૫ ટકા લેખે રૂ.૨૦ હજાર લીધા હતા.તેનું મહિને રૂ.૫ હજાર વ્યાજ ચુકવતો હતો.અને બે ત્રણ હપ્તા ચુકવ્યા બાદ પૈસાની સગવડ ન હોવાથી બે મહિના સુધી હપ્તા ન આપતા ઉપરોક્ત આરોપી પઠાણી ઉઘરાણી કરી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી રૂ.૯૦ હજાર પેનલ્ટી સાથે ચુકવી આપવાની ધમકી આપી ચેકબુક પડાવી લીધાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વ્યાજખોરની શોધખોળ હાથ ધરી છે.

# શહેરમાં બે સ્થળે જુગાર રમતી મહિલા સહિત ૧૧ પત્તાપ્રેમી ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**


રાજકોટમાં જુગારની મોસમ ખીલી હોય તેમ અવારનવાર પતા ટીચતા અનેક પતા પ્રેમીઓ પોલીસના હાથે ઝડપાઈ રહ્યા છે ત્યારે પોલીસે બાતમીના આધારે જુદા જુદા બે સ્થળે દરોડા પાડી મહિલા સહિત ૧૧ પતાપ્રેમીને ઝડપી લીધા હતા. જેમાં પોલીસે માર્કેટિંગ યાર્ડ પાછળ આવેલા આરએમસી હુડકો ક્વાર્ટરમાં થી રૂ૫૯,૫૦૦ની રોકડ અને રૈયાધાર રાણીમાં રડીમાં ચોકમાંથી રોકડ રૂ.૨૦,૦૨૦ની રોકડ કબજે કરી હતી.

રાજકોટમાં માર્કેટિંગ યાર્ડ પાછળ આવેલા આરએમસી હુડકો ક્વાર્ટરમાં રહેતી પ્રીતિબેન દિલીપભાઈ ટોલિયા નામની મહિલા પોતાના ઘરે જુગારનો અડો ચલાવતી હોવાની બાતમીના આધારે બી ડિવિઝન પોલીસે દરોડો બંને દરોડામાં પાડયો હતો. દરોડા દરમિયાન જુગાર રમતી પ્રીતિબેન દિલીપભાઈ ટ ો લિયા, સપનાબે ન નિલેશભાઈ વ્યાસ, જીગ્રેશ પ્રવીણભાઈ હેરભા, રમેશ ૭૯,૫૨૦ ની કબ્જે કરતી પોલીસ સોલંકી અને જયેશ ડાયાભાઈ જોટવાને ઝડપી લીધા હતા. પોલીસે દરોડા દરમિયાન જુગારના પટમાં રહેલી રૂ.૫૯૫૦૦ની રોકડ અને ગંજીપાનાના પાના કબજે કર્યા હતા.

આ ઉપરાંત બીજા દરોડામાં રૈયાધારમાં આવેલા રાણીમાં રૂડીમાં ચોકમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન જુગાર રમતા મનસુખ શામજીભાઈ જાદવ, બાબુ દેવજી પરમાર, દિનેશ જેઠા પરમાર, પ્રવીણ ખીમજી બેડવા, વિપુલ શામજી જાદવ અને બાબુ માવજીભાઈ બ્રાહ્મણીયાને ઝડપી લીધા હતા અને પોલીસે જુગારના પટમાં રહેલી રૂ૨૦૦૨૦ ની રોકડ કબજે કરી હતી જુગારના બંને દરોડામાં ઝડપાયેલા મહિલા સહિત ૧૧ પત્તાપ્રેમી વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટની ઝનાના હોસ્પિટલે ઓગસ્ટ માસમાં ૧૦૦૦ પ્રસૂતિ કરવાનો રેકોર્ડ બનાવ્યો

### રાજ્યમાં સૌથી વધુ એક જ માસમાં ૧૦૦૦ પ્રસૂતિ કરાવાઇ હોય તેવી પ્રથમ હોસ્પિટલ બની ઝનાના



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ઝનાના હોસ્પિટલે એક જ વર્ષમાં બે બે રેકોર્ડ તોડીને ઓગસ્ટ માસમાં એક માસમાં ૧૦૦૦ પ્રસૂતિ કરવાનો સૌથી મોટો વિક્રમ નોંધવામાં આવ્યો છે. ગાયનેક વિભાગના વડા ડો.કમલ ગોસ્વામીના જણાવ્યા અનુસાર ઝનાના હોસ્પિટલમાં મહિનાની સરેરાશ ૬૨૫ પ્રસૂતિઓ થતી આવી છે અને છેલ્લા ઘણા સમયથી તેમાં ક્રમશઃ વધારો થયો છે. સામાન્ય રીતે શિયાળામાં પ્રસૂતિની સંખ્યા વધારે રહેતી હોય છે. આ પહેલા એક જ માસમાં ૮૫૦ પ્રસૂતિનો રેકોર્ડ નોંધાયો હતો. જોકે તે આ જ વર્ષે જૂન માસમાં ૭૫૭ બાદ જુલાઈમાં ૮૬૭ પ્રસૂતિ થતા રેકોર્ડ તૂટ્યો હતો. જોકે ઓગસ્ટ માસના ત્રીજા સપ્તાહમાં આ રેકોર્ડ પણ તૂટીને ૯૦૦ને પાર થયો હતો. છેલ્લા ૭ દિવસમાં બીજી ૧૦૦ પ્રસૂતિ થતા ૩૧ ઓગસ્ટની રાત્રી સુધીમાં ૧૦૦૦ પ્રસૂતિનો વિક્રમજનક આંક હાંસલ થયો છે. જેને લઈને સમગ્ર ગાયનેક વિભાગમાં ભારે જુસ્સો જોવા મળ્યો છે. અમારા જાણ મુજબ અમદાવાદ, બરોડા અને સુરતમાં દર મહિને ૮૫૦ની આસપાસ પ્રસૂતિઓ નોંધાય છે જોકે ૧૦૦૦નો આંક રાજકોટ સિવિલ હોસ્પિટલે પ્રાપ્ત કર્યો છે.

નવી બિલ્ડિંગ બન્યા બાદ સ્ટાફની સંખ્યામાં વધારો થયો છે તેમજ અત્યાધુનિક ઉપકરણો પણ સરકારની ગ્રાન્ટમાંથી આવ્યા છે. આ ઉપરાંત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરતું હોવાથી હવે સ્ટાફ પણ સારી રીતે કામ કરી રહ્યો છે આ કારણે દિન પ્રતિદિન દર્દીઓની સંખ્યા વધી રહી છે. જે ૧૦૦૦ પ્રસૂતિનો રેકોર્ડ છે તે પણ ટૂંક સમયમાં તૂટી જશે તેવી આશા સિવિલ હોસ્પિટલના સત્તાધીશો જણાવી રહ્યા છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બાળકોનો વિભાગ અને ગાયનેક વિભાગ સૌથી આગળ પડતો રહ્યો છે. નવી બિલ્ડિંગમાં આ બંને વિભાગને ભેગા કરીને મેટરનરી એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલ(ખઈઇ) શરૂ કરાઈ છે. જેનાથી આ હોસ્પિટલ ગુજરાતની ૧૧ માળની સૌથી ઊંચી એમસીએચ બની ગઈ છે. પહેલા ગાયનેક વિભાગમાં કુલ બેડની ક્ષમતા ૨૫૦ હતી જ્યારે નવી બિલ્ડિંગમાં ફક્ત પ્રસૂતિ વિભાગની ક્ષમતા જ ૫૦૦ બેડની થઈ છે. આ સિવાય બાળકોની હોસ્પિટલમાં એનઆઈસીયુ, મિલ્ક બેંક, લેબ બધું જ એક જ છત્ર હેઠળ આવી જતા હવે માતા અને બાળકોને અલગ અલગ બિલ્ડિંગમાં રાખવામાંથી મુક્તિ મળી છે.

ICU જેવો નવો HDU વિભાગ શરૂ કરાયો દરેક હોસ્પિટલમાં ઈમર્જન્સી ક્રિટિકલ કેરની સુવિધા રખાય છે પણ નવી ઝનાનામાં હવે એચડીયુ એટલે કે હાઈ ડિપેન્ડેન્સી કેર યુનિટ છે. એવા દર્દીઓ કે જેમની હાલત ગંભીર છે તેમને આઈસીયુમાં રખાય છે અન્ય દર્દીઓને જનરલ વોર્ડમાં રાખવામાં આવે છે. જોકે એવા પણ દર્દીઓ હોય છે કે જેમને આઈસીયુમાં રાખવાની જરૂર નથી પણ ખાસ ધ્યાન રાખવું જરૂરી હોય છે. તેવા દર્દીઓને એચડીયુમાં રાખવામાં આવે છે.

# કુવાડવાના જીયાણા ગામ પાસે એસટી બસ ચાલકે રાહદારી મહિલાને હડફેટે લેતાં મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

કુવાડવા રોડ પર જીયાણા ગામના પાટીયા પાસે પુરપાટ ઝડપે દોડી આવતી એસ.ટી બસે માર્ગ પર ચાલીને જતાં રાહદારી મહિલાને ઠોકર લેતાં તેનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. આ અંગે એરપોર્ટ પોલીસે એસ.ટી બસના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કણકોટ ગામે રહેતા અર્જુનભાઈ રોઝે આરોપીમાં જીજે.૧૮.ઝેડ.૬૯૩૨ નંબરની એસટી બસના ચાલકનું નામ આપી ફરિયાદ નોંધાવી છે.જેમાં તેમના માતા વેસતીબેન રોઝ કુવાડવા ખાતે એક કારખાનામાં મજૂરી કામ કરે છે.ગત તા.૩૦-૦૮ના તેઓ ચાલીને કારખાનેથી ઘર તરફ આવી રહ્યા હતા. ત્યારે માર્ગ પર પુરપાટ ઝડપે દોડી આવતી એસ.ટી બસના ચાલકે તેમની માતાને ઠોકરે ચડાવ્યા હતા.અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચતા તેણીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ એરપોર્ટ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો.મૃતદેહને પીએમ અર્થે કુવાડવા હોસ્પિટલમાં ખસેડી એસ.ટી બસના ચાલક સામે ગુનો નોંધી તેનીઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે.